# ◄ REGULAR CIVIL SUIT No. 04/2022 ►

*[Samast Petli Patel Samaj through representative vs Natvasinh Ransinh & others]*
*(PCJ -Vaso)*

| | |
|---|---|
| વાદીના વિ.વકીલશ્રી | એમ.પી.બ્રહમભટ્ટ |
| પ્રતિવાદી ન. ૨ થી ૧૫ વિ.વકીલશ્રી | ડી.બી.ઓથર |

## આંક–૦૫ની મનાઈઅરજી તળે હુકમ

**(૧)વાદી દ્રારા હાલનો દાવો લાવી નીચે મુજબ તકરારી મિલ્કત માટે દાખલ કરેલ છે જેને હવે ''*દાવાવાળી મિલ્કત*'' તરીખે ઓળખાશે.**

| |
|---|
| ગામ પેટલી તા.વસો મુકામે આવેલ પટેલ ધર્મશાળા જેના મિલ્કત નં.પ૨૮ મહોલ્લા નુ નામ માણેક ચોક મકાનન નં.૪૩૯ તથા મિલ્કત નં.પ૨૬ મહોલ્લાનુ નામ માણેક ચોક મકાન નં.૪૩૭ જેના જુના મિલ્કત નં.૩૨૧ તથા ૩૨૨ અને તેમાં આવેલ દુકાનનોના ઘર નં. ૪૦૧ તથા ૪૦૨ |

વાદીઓ હાલનો દાવો લાવી સાથે આંક–પની કામચલાઉ અરજી રજુ કરી જણાવેલ છે કે આ કામના પ્ર.વાદીઓ તથા દરબાર સમાજ એટલે કે રાજ,રાઉલજી,મહિડા,ઝાલા,રાઠોડ,ચૌહાણ,વિગેરે પેટાજ્ઞાતિઓ સહિત દાવાવાળી મિલ્કત એટલે કે ત્રણેય દુકાન સહિતની ધર્મશાળા તથા વાદીઓની દાવાવાળી મિલ્કતના ભાડુઆતોના શાંત અને પ્રત્યક્ષ કબજાભોગવટામાં દખલ અંતરાય કે હરકત કરે કરાવે નહી તથા પેટલીગામાના સમસ્ત પટેલ સમાજના તથા ભાડુઆતોને દાવાવાળી મિલ્કત તથા દુકાનનો ઉપયોગ અટકાવે નહી તથા કાયદાની પ્રક્રિયા કર્યાવગર મિલ્કતનો કબજો લે લેવડાવે નહી તેમજ ખાલી કરાવે નહી તેમજ ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી તેમજ આ ત્રણેય દુકાનો સહિત ધર્મશાળા કોઈપણ રીતે ત્રાહિત વ્યકિતને કે સંસ્થાને ગીરો,બક્ષીસ,કે બાનાખત વેચાણ કે અન્યરીતે ટ્રન્સફર કરે કરાવે નહી તેમજ આ મિલ્કત સાથે જોડાયેલ સમાજને હિતને તથા તેની સાથે જોડાયેલ સમાજના

માન સન્માનને લાગણી ને નુકશાન પહોચાડે તેવુ કૃત્ય કરે નહીતે મતલબનો કામચલાઉ મનાઈ હુકમ દાવાના આખરી નીકાલ સુધી ફરમાવવા અરજ કરેલ છે.

આ કામના પ્રા.વાદીઓએ વાદીની દાવાઅરજી સામે કાઉન્ટર દાવાઅરજી આંક–૧૪ થી દાવાઅરજી દાખલ કરી આંક–૧૫ થી કામચલાઉ કાઉન્ટર મનાઈ અરજી રજુ કરી દાવાવાળી મિલ્કતમાં વાદીઓ કે તેમના નોકરો,એજન્ટો,એસાઈનીઓ,તથા સમાજના માણસો મારફતે કોઈપણ પ્રકારે વાર તહેવાર તથા સમાજીક પ્રસંગોએ પ્રવેશ કરતા અટકાવે નહી કે સમાજીક પ્રસંગોએ કોઈપણ જાતની ગુનાહિત હેલો હરકત કરે કરાવે નહી તેઓ કામચાલાઉ મનાઈ હુકમ પ્ર.વાદીના તરફેણમાં ફરમાવવા અરજ કરેલ છે.

(૨) વાદીની દાવાની ટુંકમા વિગત જોઈએ તો,આ કામના વાદીઓ પેટલી તા. વસોના મુળ રહીશ છે અને સમસ્ત પટેલ સમાજ વતી સમસ્ત પેટલી ગામના પટેલ સમાજના પ્રતિનીઘીઓ તરીકે દાવો દાખલ કરેલ છે. આ કામના પ્રતિવાદીઓ પેટલીગામના સમસ્ત દરબાર (રાઉલજી,રાજ,વિગેરે પેટાજ્ઞાતિ) ના સમાજના પ્રતિનીઘીઓ છે. મોજે ગામ પેટલી,તા.વસો જી.ખેડામાં ચોરા પાસે માણેક ચોકમાં આવેલ વરસો જુની ઘર્મશાળા એટલે કે વાડી કે જે ત્રણ દુકાનો સહિત ઘર્મશાળા છે.આ ત્રણ દુકાનો સહિતની ઘર્મશાળામાં દુકાનોની વચ્ચે ઘર્મશાળામાં જવાઆવવાનો મુખ્ય દરવાજો આવેલો છે તે દુકાનો સહિત આખી ઘર્મશાળા એટલે પાટીદાર ઘર્મશાળા અથવા પટેલોની વાડી તરીકે ઓળખાય છે. પેટલી ગ્રામ પંચાયત નં.૮ આકારણી પત્રકમાં મિલ્કત નં.પ૨૮ મહોલ્લા નુ નામ માણેક ચોક મકાનન નં.૪૩૯ તથા મિલ્કત નં.પ૨૬ મહોલ્લાનુ નામ માણેક ચોક મકાન નં.૪૩૭ જેના જુના મિલ્કત નં.૩૨૧ તથા ૩૨૨ અને તેમાં આવેલ દુકાનનોના ઘર નં. ૪૦૧ તથા ૪૦૨ વાળી સમસ્ત ઘર્મશાળા કે જેમાં ત્રણ દુકાનો અનુક્રમે (૧) અરૂણબેન ભરતભાઈ પટેલ (૨) ઘનશ્યામભાઈ હરમાનભાઈ

પટેલ (૩) કનુભાઈ કા.પટેલ ને પટેલ સમાજ દ્વારા ૧૯૬૦થી ભાડેથી આપવામાં આવેલ છે.આ દાવાવાળી મિલ્કત આશરે ૯૦ વર્ષ ઉપરાંતના સમયગાળાથી રૂઢી તથા પરંપરાગત રીતે વાદીઓના વડવાઓની સ્વતંત્ર કબજાભોગવટાની આવેલી હતી અને સને.૧૯૬૦ થી આ દાવાવાળી મિલ્કતના ભાડુઆતો પાસેથી ભાડુ વાદીઓ ઉઘરાવતા આવેલ છે જેના હિસાબો પણ રાખવામાં આવેલ છે તેમજ સમસ્ત પટેલ સમાજનુ ભારતીય પોસ્ટ ખાતામાં એક અકાઉન્ટ આવેલ છે જે પાટીદાર વાડીના નામથી પોષ્ટ ખાતામાં બચત ખાતુ ખોલાવેલ છે જેથી સદર દાવાવાળી મિલ્કતના વહીવટ થી થતી આવક તથા ખર્ચ સદર ખાતા દ્વારા સંચાલીત થઈ શકે .પેટલી ગામમાં સૌ પ્રથમ વાદીઓના સમાજના વડવાઓ રહેવા આવેલ અને ગામમાં વસવાટ કરી ગામ વસાવ્યા બાદ અન્ય જ્ઞાતીના માણસો આવેલા. તા.૧૭/૦૧/૧૯૨૭ ના રોજ ગાયકવાડ સરકારના વહીવટદારશ્રી શ્રીનીવાસ કૃષ્ણ દ્વારા ૩૦ દિવસ સુધી ગામમાં વટ હુકમ નં.૪ મુજબ સદર મિલ્કતનુ પત્રક ગામ લોકોને જોવા મુકેલુ અને તેમ કર્યાનો દરરોજ સાદ પડાવીને સાદ પાડનારના નામ સાથે દર ત્રીજા દીવસે પત્રકની નીચે સીકકો મારી તેના ઉપર ખાત્રી કરી બે મતાદાર તથા બે ગ્રામ પંચોની સહી લઈ સદર હુ વટહુકમની મુદત પુરી કર્યાબાદ ઉપરોકત દાવાવાળી મિલ્કત વાદીઓના વડવાઓ તથા સમાજના નામે કાયદેસર કરવામાં આવેલ અને સદરહુ ધર્મશાળા પંચાયત રેકર્ડમાં ''પટેલ ગામઈ ધર્મશાળા પટેલોની '' તેવા શબ્દો આકારણીમાં તા.૧ ૩/૧૨/૧૯૩૪થી ગાયકવાડ સરકારના વહીવટદારશ્રી શ્રીનીવાસ તથા તલાટી તરીકે સોમેશ્વર ભટ્ટની સહીથી પંચાયતના દફતરે ચડાવેલ.સદર ધર્મશાળાનુ જુનુ રેકર્ડ જોતા મિલ્કતના જુના નંબરો ૩૨૧ તથા ૩૨૨ થી અનુક્રમે ધર્મશાળાની ઓરડી તથા ધર્મશાળા પટેલોની તેવા નામથી રેકર્ડ ઉપર ચાલતુ હતુ.

**(૨.૧)**વાદી વધુમાં જણાવે છે કે દાવાવાળી મિલ્કત તથા તેમાં આવેલ દુકાનો માટે સને ૧૯૬૯થી વીજ કનેકશન લેવામાં આવેલ અને હાલમાં પણ સદર દાવાવાળી મિલ્કત પેટલી ગ્રામ પંચાયતના રેકર્ડ ઉપર નોધાયેલી છે.આ દાવાવાળી મિલ્કત એટલે કે ત્રણ

દુકાનો સહિતની ધર્મશાળા વાદીઓના સમાજની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની વર્ષોથી રૂઢીથી તથા પરંપરાગત રીતે આવેલી હોવાછતાં આ કામના પ્ર.વાદીઓ તથા તેમના સમાજના માણસો છેલ્લા થોડા સમયથી અગમ્ય કારણોસર તેમના સમાજના અમુક વર્ગના અંગત સ્વાર્થથી તથા ગામના તકસાધુઓ ની ચઢામણીથી દાવાવાળી મિલ્કત તેમની માલિકીનુ હોવાનુ જણાવી ભાડુઆતોને દાવાવાળી મિલ્કત ખાલી કરી સોપીઆપવાની ધમકી આપેલ અને ગ્રામ પંચાયતમાં મીટીંગ બોલાવી તેમના માલિકીના પુરાવા રજુ નકરીને ત્યારબાદ પંચાયતે કોઈ નીર્ણય ન કર્યો હોવા છતા બારોટના ચોપડે તેમના નામ લખાવેલી હોવાનો તથા દાવાવાળી મિલ્કત ખાલી કરવાની ધમકીઓ આપી દાવાવાળી મિલ્કત પચાવી પાડવા તેવી પરીસ્થિતીનુ સર્જન કરી તેમજ તા.૧૦/૦૩/૨૨ ના રોજ આ કામના પ્ર.વાદી વિરૂધ્ધ ગ્રામ પંચાયતે ફેસલો શંભળાવતા ઉશ્કેરાઈ જઈ ૫૦ થી ૬૦ માણસોનુ લાકડી,ધારીયા,પત્થર થી હુમલો કરેલ તે બાબતે પોલીસ્ટશનમાં ફરીયાદ આપેલી જયા સીવીલ કોર્ટમાં દાદ મળેવવાનુ જણાવતા દાવાનુ કારણ ઉત્પન્ન થતા હાલનો દાવો કરેલ.

(૩)આ કામના પ્રતિવાદી ન. ૨ થી ૧૫નાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને આંક-૧૩ થી જવાબ રજુ કરી વાદીના દાવાઅરજી નકારેલ છે અને ખરી હકીકત જણાવે છે કે,મોજે ગામ પેટલી તા.પેટલાદ જી ખેડા માં આવેલ ગામ હતુ જે સમયાન્તરે તાલુકાને જીલ્લામાં વિભાજન થતા હાલ વસો તાલુકામાં આવેલ ગામ છે.ગામનો ઈતિહાસ જોવામાં આવેતો શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ના વડોદરા સ્ટેટનુ ગામ આવેલ છે સવંત ૧૫૪૫ની સાલમાં આ ગામની સ્થપના ગરાસીયા રાઉલજી જોધાજી એ કરેલી અને મહાદેવજી તાલેશ્વરનુ મંદીર બંધાવેલ અને તેની ઉગમણમાં મહેલ કે જે હાલ વાડી કે ધર્મશાળા કહેવાય છે તે બંધાવ્યા હતા( જે હાલની તકરારી દાવાવાળી મિલ્કત આવેલી છે) તેમજ દરબારગઢ બંધાવ્યો હતો અને હાલ ના પ્રતિવાદીના વડવાઓએ સંવંત ૧૫૪૫ માં આ ગામ વસાવેલુ હતુ. ગામ પેટલીના હિંન્દુ ગરાસીયાનો ભાગ ૩૫૦ વિઘા રહયો છે જોધાજીએ પેલીમાં દરબાર ગઢ બંધાવ્યો

મહાદેવ તાલેશ્વર નુ મંદિર બંધાવેલ તે મુજબનો લેખ વડોદરાના રજવાડા રાવ ગાયકવાડના જુના ચોપડાના આધારે વહીવંચા લખનાર બારોટનાએ પ્ર.વાદીઓના વડવાઓને લખી આપેલ છે કે જુના ચોપડાના આધારે નકલ આપી છે આ લેખ જરૂરી કામ પડવાથી આપ્યો છે આ લેખમાં સંવંત ૨૦૦૯માં દરબારનો ના વડવા કુલજી જીવાજી એ મહાદેવજીના મંદીરનો વરંડો પડીગયેલ હોય દુરસ્ત કરાવેલો અને રૂા.૨૧૧/—નો ખર્ચ થયેલો જે બાબતો બારોટના ચોપડે નોધાયેલ છે.હાલના વાદીઓએ કે જેઓ પોતાને પાટીદાર અને પટેલના નામથી ઓળખાવે છે તેઓના વડવાઓનુ અસ્તત્વ પણ નહોતુ અને આ વસાવેલ હોય તેમ પણ બનેલ નથી.ઈતિહાસ જોવામાં આવે તો અંગ્રેજોના શાસન અગાઉ જેટલા રજવાડા ગુજરાત સ્ટેટ અને મહારાષ્ટ્ર સ્ટેટ અને સૌરાષ્ટ્ર સ્ટેટ એમ ત્રણ ભાગમાં ગુજરાત રાજય વહેચાયેલ હતુ ત્યારે દેશી રજવાડાઓનું અસ્તિત્વ હતું અને તે સમયે રજવાડાના રાજાઓ ૫૦૦ વીઘાં,૨૦૦ વીઘાં,૩૦૦ વીઘાંનો ગામ ગરાસ આપતા હતા અને તેવા ગામોમાં દરબારો/રાપુતો વસવાટ કરતા હતા અને સમયે દરબારો પોતાની જમીનોની ખેતી કરવા સારૂ જે લોકોને લાવેલા તે લોકો નો એક વડો હોય અને તે વડાને ''પટેલ'' કહેવામાં આવતા અને ગુજરાતી શબ્દકોષ મુજબ પણ '' પટેલ'' એટલે અમુક સંઘનો નાતનો કે ટોળાનો વડો,નાતનો મુખી કહેવાતા જે પાછળથી ''પટેલ'' જ્ઞાતિના નામથી ઓળખાવા લાગેલા અને આમ મુળે હાલના વાદીઓના વડાવાઓ પ્રતિવાદીના વડવાઓની જમીન માં ખેતીવાડી કરતા આવેલા આમ સવંત—૧૫૪૫ માં પેટલી ગામન ગરાસ ગરાસીયા રાઉલજી જોધાજીએ પેટલી ગામની સ્થાપના કરેલ હતી અને આમ ગરાસીયા દરબારોની જમીનોમા ''પટેલો'' ખેતીનુ કામ કરતા હતા અને ત્યારબાદ ગણોતધારો અમલમાં આવતા ખેડે તેની જમીન એ કાયદો અસ્તિત્વમાં આવતા પટેલો પ્ર.વાદીઓની ખેતીની જમીનના માલીક બનેલા અને ત્યારબાદ પ્ર.વાદીઓએ વસાવેલા ગામ પેટલીમાં કાયમી સ્થાયી થયેલા હતા આમ મોજે પેટલી ના મુળ વતનીઓ પ્રા.વાદીના વડવાઓજ હતા અને હાલની તકરારી દાવાવાળી મીલકત

જેને ધર્મશાળા, વાડી કહે છે તેની સ્થાપના પણ પ્રા.વાદીના વડવાઓએ કરેલ છે જેના આધાર પુરાવા પ્રા.વાદીઓએ હાલના જવાબની સાથે અલગ લીસ્ટથી રજુ કરેલ છે

(૪) પ્ર.વાદીઓ વધુમાં જણાવે છે કે,પંચાયતી રાજની સ્થાપના અગાઉ ગામના ગામઠાંણ પત્રકો અીસ્તત્વ હતું અને ગામમાં આવેલ તમામ ઘરથાળની મિલ્કતો નું વર્ણન ગામઠાંણ પત્રકે નોંધવામાં આવતું હતું અને તે મુજબ ગામઠાણ પત્રકે વરસો વરસ મિલ્કતની આકારણી કરવામાં આવતી હતી અમો ગામના દરબારો તકરારી મિલ્કતોનો વાપર ઉપભોગ કરતા આવેલા અને હાલ પણ કરીએ છીએ અને અમો એ કયારે પણ આ મિલ્કત બાબતે તકરારો ઉભી કરેલ નહી કે કયારેય પણ અમારે તકરારી મિલ્કત બાબતે રેકર્ડ જોવાની કે નકલો કઢાવવાની કોઈ જરૂરીયાત ઉભી થયેલી નહી પણ જયારે પટેલ જ્ઞાતિના ઈસમ સરપંચ પદે આવતાં અને આ તકરારી મિલ્કત બાબતે ખાનગી રાહે પટેલ જ્ઞાતિ/સમાજના નામ બાબતે ચર્ચાઓ થતાં જે તે સમયે ગામઠાંણ પત્રક ની નકલો કઢાવતા માલુમ પડેલ કે,આ કામના વાદીઓએ તેમના સમાજના સરપંચ આવેલા તે સમયે ગામઠાંણ પત્રકે ચેડા કરેલાની હકીકતો જાણવા મળેલ અને તેથી અમારા સમાજના માણસો પણ આ બાબતની ગંભીરતાને લઈને પટેલ જ્ઞાતિના ઈસમોને મળતા અને જણાવતા હતા કે આ મિલ્કત તમારી નથી પણ અમારા વડવાઓની છે અને તે સમયે પણ અમારા વડલોએ તે બાબતે વડોદરાના વહીવંચો લખનાર અમારા બારોટ પાસેથી જરૂરી નકલો માગતાં અમારા ઘ્યાને આવેલ કે આ ગામ વસાવનાર અમારા દરબાર રાઉલજી જોધાજી છે અને આ તકરારી મિલ્કત બાબતનો ઉલ્લેખ સયાજીરાવ ગાયકવાડના ચોપડે કરેલો છે આમ અમોએ જુદા જુદા સમયની ગામઠાંણ પત્રકની આકારણીની નકલો કઢાવતાં આ કામે આંક....ના લીસ્ટથી ની .....થી રજુ કરેલ આકારણી પત્રકની નકલ જોવામાં આવે તો અનું.નં.૩૨૨ જોવામાં આવે તો ''ગામઈ ધર્મશાળા પહેલાંની'' ને બદલ ` ગામઠાંણ પત્રકમાં ચેડા કરી ગામઈ ધર્મશાળા ''પ''... પછી....''હ''ને બદલે''ટ'' નો સુધારો કરેલ છે અને ''લા'' ની ઉપર અનુસ્વાર કરી સુધારો કરેલ સ્પષ્ટપણે દેખાઈ આવે છે આ કામે તલાટી કમ-મંત્રીશ્રી પેટલીનાએ કાઢી આપેલ અસલ પરથી

તા.૩૧/૦૩/૨૦૨૨ ની આકારણીની નકલ આ કામે રજુ કરેલ ગામઠાંણ આકારણી પત્રકની નકલ જોવામાં આવે તો અનું નં.૩૨૧ ''ધર્મશાળા ખાતે ઓરડી ''તથા અનુક્રમ નં.૩૨૨ જોવામાં આવતે તો ''ગામઈ ધર્મશાળા પહેલાની '' ને બદલે ''ગામઈ ધર્મશ...પાછીના શબ્દો જોવામાં ''શ''પછીનો કાનો સુધારેલ છે તથા ''ળા''ને સુધારેલ છે તથા ''પ'' પછી ''હ'' ને બદલે''ટ'' પછી ''લોની'' નો સુધારો કરેલ જણાય છે આમ જુદા જુદા સમયે ગામઠાંણ પત્રકો કઢાવતા આકારણી ની નકલો માં ''પહેલાની'' ને બદલે ''પટેલોની''અને ''પહેલા''ને બદલે ''પટેલાંની'' ચેડા કરી સુધારો કરેલ છે,આ કામે તલાટી કમ મંત્રીશ્રી પેટલીનાએ કાઢી આપેલ સને–૧૯૫૧–૫૨ ની સાલની ગામ નમુના નં–૭ ની નકલ કાઢી આપેલ છે ને અસલ પરથી ખરી નકલની આકારણીની નકલ આ કામે આંક–...ના લીસ્ટથી ની...થી રજુ કરેલ નકલ જોવામાં આવે તો અનુ.૨૭૬ ના કોલમ નં.૪ માં માલીકનુ નામ ''ધર્મશાળા'' એમ લખેલ છે અને કોલમ નં.૭ માં જોવામાં આવે તો ''ધર્મશાળા''લખેલ છે તેની આગળ કોલમ નં.૬માં ''પટેલની''શબ્દ ઉમેરેલ/લખેલો જે પણ ગામઠાણ પત્રકમાં ચેડા કરી સુધારો કરેલ છે આમ અમો પ્ર.વાદીએ ગ્રામ પંચાયત સરપંચ તથા તલાટી– કમ– મંત્રી સાહેબને સમગ્ર સમાજ ધ્વારા તા.૧૧/૦૨/૨૦૨૨ના રોજ અરજી આપેલ છે અને તે બાબતે તલાટીશ્રીએ અમો પ્ર.વાદી સમાજને તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ જવાબ આપેલ કે ''સદર ધર્મશાળા પટેલોના નામે કરવા અંગેના સાધનિક કાગળો દફતરે તપાસ કરતા મળી આવેલ નથી અને આકારણી પત્રકે આ બાબતની કોઈ રીમાર્કસ નથી.આમ એ હકીકતો જોવામાં આવે તો પણ જયારે સરકારી કર્મચારી એમ લેખીત માં જણાવતા હોય ત્યારે એ હકીકતો નિર્વિવાદ છે કે,ગામઠાણ પત્રકે ચેડાં થયેલા છે અને કાયદેસરની કોઈજ કાર્યવાહી પટેલ સમાજ ધ્વારા કરવામાં આવેલ નથી પરંતુ જે તે સમયે પટેલ જ્ઞાતિના ઈસમો સરપંચ પદે હોવાથી તેમણે તેમના સમાજના લાભ સારૂ સરકારી રેકર્ડમાં ચેડા કરેલા છે અન તે રેકર્ડમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે અલગ અલગ પેનનો ઉપયોગ કરેલો છે,અક્ષરો પણ અલગ પડે છે,આમ ખુબજ ચાલાકી પૂર્વક સરકારી રેકર્ડમાં સુધારો કરવામાં

આવેલો છે. જે ગેરકાયદેસર હોવાથી ફોજદારી પ્રકારનો ગુનો પણ બને છે, જો વાદીઓની માલીકીનો કે તેમના સમાજની માલીકીની આ તકરારી દાવાવાળી મિલ્કત હોય તો તેમણે તે બાબતનો કોઈ વેચાણ દસ્તાવેજ કે અન્ય એવા ઠોસ આધાર પુરાવાઓ રજુ કરવા જોઈએ કે જેને આધારે તેમની માલીકી પુરવાર થઈ શકે પણ આ કામે એવો કોઈ ઠોસ આધાર પુરાવો આ કામે વાદીઓ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી કે જે તેમની માલીકી પુરવાર કરી શકે,આમ અમો પ્ર.વાદીઓએ આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જોતાં પણ ધર્મશાળા પટેલોની કે પટેલ સમાજની કે પાટીદાર સમાજની આવેલ નથી કે તેઓ તેના સંયુકત રીતે માલીક નથી પરંતુ ધર્મશાળા અમારા વડવાઓએ બંધાવેલ છે અને અમારા વડવાઓના ગુજરી જવાથી હાલ સદર તકરારી મિલ્કત અમારા સમગ્ર દરબાર/રાજપુત અને રાઉલજી અને રાજ જ્ઞાતિના લોકોની સંયુકત આવેલી છે તે તકરારી દાવાવાળી મિલ્કત અમો સમાજના લોકો વારતહેવાર અને પ્રસંગોપાત વાપર ઉપભોગ કરીએ છીએ અને કરતા આવેલા છીએ, તેમાં અમારા સમાજ સિવાય અન્ય કોઈ પણ વ્યકિત કે સમાજ કે જ્ઞાતિના લોકોનો કોઈ હકક,હીસ્સો કે હીત આવેલ નથી તેથી આ કામના વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહિત ના-મંજુર કરવા અને અમો પ્ર.વાદીઓને રૂા.૫,૦૦,૦૦૦/-વળતર અપાવવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૫) આમ સદર કામના વાદીઓની દાનત અને ઈરાદો નેક ન હોય અને સદર તકરારી દાવાવાળી મિલ્કત અમારા ગુજરનાર વડવાઓ ૧૫ મી સદીથી માલીકની આવેલ હોવા છતાંપણ પ્ર.વાદીઓએ ખોટા કારણો બતાવી દાવો તથા જાથુનો કાયમી મનાઈ હુકમની માગણી કરતા અમો પ્ર.વાદીઓએ હાલના વાદીઓ સામે કાઉન્ટર કલેઈમ કરી કાઉન્ટર મનાઈ અરજી કરેલ છે.

(૬) ઉપરોકત તમામ હકીકતો જોતા અમો પ્ર.વાદીનો પ્રાઈમાફેસી કેસ છે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો પ્ર.વાદીના લાભમાં છે જો અમો પ્ર.વાદીઓને માગ્યા મુજબનો

કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો આ કામના વાદી યેનકેન પ્રકારે અમો પ્ર.વાદીની માલીકી ના અને સમાજની માલીકીની તકરારી દાવાવાળી મિલ્કતમાં અમો તથા અમારા સમાજના લોકોને વાર–તહેવાર તથા લગ્ન પ્રસંગોએ પ્રવેશ કરવા ન દે અને અમારા સમાજન રોકે રોકાવે તેમ છે,અને જો તમ થાય તો અમો પ્ર.વાદીના કાઉન્ટર દાવાનો હેતુ માર્યો જાય તેમ છે,અને અમો પ્ર.વાદીને બીજા મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીગ કરવા પડે તેમ છે જો અમો પ્ર.વાદીને કાઉન્ટર મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી પણ ભરપાઈ  ન થાય તેવુ ઈરરીપેરેબલ નુકશાન પહોચાડે તેમ છે જેથી પણ કામચલાઉ કાઉન્ટર મનાઈ હુકમ સિવાય નિવારક કોઈ દાદ ન હોય હાલના કાઉન્ટર દાવા સાથે કામચલાઉ કાઉન્ટર મનાઈ અરજી કરી કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની જરૂર પડેલ છે.

**(૭)** સબબ કાઉન્ટર મનાઈ અરજી કરી દાદ માગવાની કે..

**(અ)** અમો પ્ર.વાદીની કાઉન્ટર કલેઈમાં જણાવેલી દાવાવાળી તકરારી મિલ્કત માં આ કામના વાદીઓ જાતે કે તેમના નોકર,એજન્ટો,એસાઈઓ તથા સમાજના માણસો મારફતે કોઈ પણ પ્રકારે વાર તહેવાર તથા સમાજીક પ્રસંગોએ પ્રવેશ કરતાં અટકાવે નહી કે, સમાજીક પ્રસંગોએ કોઈ પણ જાતની ગુનાહીત હેલો હરકત કરે કરાવે નહિ તેવો કામચલાઉ જાથુનો મનાઈ હુકમ અમો પ્ર.વાદીઓ ની તરફેણમાં આપવા અરજ છે.

(૪)<u>પક્ષકારો તરફથી રજુઆત</u>:–બંનેપક્ષકારો તરફથી આ કામે લેખિત દલીલો રજુ થયેલ છે જે માનસહ વંચાણે લીધી.

- વાદી તરફથી આંક–૨૬થી દલીલ રજુ થયેલ છે જે માનસહ વંચાણે લીધી જેમા મુખ્યત્વે જણાવેલ છે કે,અમો વાદીઓ મોજે ગામ પેટલીના વસોના મુળ રહોશો છીએ તથા પટેલી ગામના સમસ્ત પટેલ સમાજ વતી સમસ્ત પેટલી ગામના પટેલ સમાજના પ્રતિનિધિઓ તરીકે આ પ્રતિનિધિ સ્વરૂપેનો દાવો દાખલ કરેલ છે.જયારે આ કામના પ્ર.વાદીઓ મોજે ગામ પેટલીના સમસ્ત

દરબાર(રાઉજી,રાજ વિગેરે પેટા જ્ઞાતિ ) નો સમાજ તથા તે સમાજના પ્રતિનિધિઓ છે અને સદર પ્ર.વાદીઓને સમસ્ત પેટલી ગામના દરબાર (રાઉલજી,રાજ વિગેરે પેટાજ્ઞાતિ)સમાજ વતી તેમના પ્રતિનિધિઓ તરીકે સદર દાવામાં પક્ષકાર બનાવેલા છે.

- મોજે ગામ પેટલી,તા.વસો જી. ખેડા માં ચોરા પાસે માણેક ચોકમાં આવેલ વર્ષો જુની ધર્મશાળા એટલે કે વાડી કે જે ત્રણ દુકાનો સહીતની ધર્મશાળા છે જે ત્રણ દુકાનો સહીતની જે ધર્મશાળામાં દુકાનોની વચ્ચે ધર્મશાળામાં જવા આવવાનો મુખ્ય દરવાજો આવેલો છે તે દુકાનો સહીતની આખી ધર્મશાળા એટલે કે વાડી પાટીદાર ધર્મશાળા કે પટેલોની ધર્મશાળા અથવા પટેલોની વાડી તરીકે ઓળખાય છે અને સદર દુકાનોમાં આ ભાડુઆતોને સને ૧૯૬૦ની સાલથી ભાડે આપેલ છે અને તે દુકાનોમાં અનુક્રમે કરીયાણાનો ધંધો તથા વાસણ વેચવાનો તથા અનાજ દળવાની ઘંટીનો ધંધો વિગેરે ચાલુ છે. સદર ઉપરોકત ત્રણેય દુકાનો સહીતની ધર્મશાળા એટલે કે વાડી એટલે કે દાવાવાળી મિલ્કત ઘણા વર્ષોથી એટલે કે આશરે ૯૦ વર્ષ ઉપરાંતના સમયગાળાથી રૂઢી તથા પરંપરાગત રીતે અમો વાદીઓના વડવાઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી હતી અને છે.જે દુકાનો અમો વાદીઓના સમાજ ધ્વારા ભાડેથી આપેલ હોઈ જેનુ વીજ કનેકશન ગ્રાહક નંબર. ૦૬૦૧૦/૦૦૨૨૪/૯ થી ભાઈલાલભાઈ ડાહયાભાઈ પટેલના નામે તથા બીજુ કનેકશનનો ગ્રાહક નંબર. ૦૬૦૧૦/૦૦૨૨૫/૭ થી પરસોત્તમભાઈ સોમાભાઈ પટેલના નામે તથા ગ્રાહક નંબર. ૦૬૦૧૦/૦૦૩૮૩/૦ થી હાલ કાંતીભાઈ ભાઈલાલભાઈ પટેલના નામે મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડના રેકર્ડમાં ચાલે છે તેમજ હાલમાં પણ સદરહુ દાવાવાળી મિલ્કત પેટલી ગ્રામ પંચાયતના રેકર્ડમાં પટેલની ધર્મશાળાના નામથી પંચાયત દફતરે ચાલે છે અને વેરા પાવતીમાં પણ તેજ નામ ચાલે છે તેમજ સદરહુ દાવાવાળી મિલ્કત એટલે કે ધર્મશાળા અમો વાદીઓના સમાજ ધ્વારા ઘણી વખત ગામના ઉપયોગ અનેક જાહેર પ્રસંગો માટે

ખુલ્લી મુકવામાં આવેલી છે તેમજ અમો વાદીઓના સમાજના સારા–માઠા પ્રસંગો ઘણા વર્ષોથી અમો આ દાવાવાળી મિલ્કતમાં જ કરતા આવેલા છીએ. છેલ્લા થોડા ઘણા સમયથી આ કામના પ્રતિવાદીઓ તથા પ્રતિવાદીઓના સમાજના એટલે કે દરબાર(રાઉલજી,રાજ વિગેરે પેટા જ્ઞાતી)ના સમાજના લોકો સદર દાવાવાળી મિલ્કત એટલે કે દુકાનો સહીતની ધર્મશાળામાં અમો વાદીઓના ભાડુઆત અરૂણાબેન ની દુકાનમાં હાલમાં દાળપુરીનો ધંધો કરનાર વિનુભાઈ સોમાભાઈ પટેલને ''દુકાન ખાલી કરો બધાની ત્રણેય દુકાનો ખાલી કરાવવાની છે આ ધર્મશાળા અમારી છે અમારા બારોટના ચોપડે અમારા નામે લખાવડાવેલી છે તેથી તમોને કોઈને અહીયા રહેવા દેવાના નથી'' તેવી ધમકીઓ આપી તેમનો અંગત બદઈરાદો પાર પાડવા માટે તથા તેમના સમાજના અમુક દગદાર વ્યકિતઓ તેમનો અંગત સ્વાર્થ સાધવા માટે ગામમાં આ દાવાવાળી મિલ્કતને લઈને બંને પક્ષકારોના સમાજ વચ્ચે વિખવાદ તથા વૈમનસ્ય ઉભુ કરવાના પ્રયત્નો કરી રહેલા છે અને વાદીઓ સાચા હોઈ અમોને અમારા પુરાવા પંચાયને બતાવેલા પરંતુ આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી મિલ્કત તેમના સમાજની હોવા બાબતનો એક પણ પુરાવો ગ્રામ પંચાયત સમક્ષ રજુ કરેલો નહી. અમો વાદીઓનો પ્રાઈમાફેસીસ કેસે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો વાદીઓના લાભમાં છે જો નીચે માગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંથી પણ ભરપાઈ ન થાય તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે અને અમારો વર્ષો જુનો હકક માર્યો જાય તેમ છે અને અમારે નાહકના અન્ય લીટીગેશનો કરવા પડે અને જો માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો આ કામના પ્ર.વાદીઓનો દાવાવાળી મિલ્કતમાં કોઈ પણ જાતનો લાગભાગ,હકક, હિસ્સો ન હોય તેમને કોઈ જાતનુ નુકશાન થાય તેમ નથી. તેમજ વધુમાં પ્ર.વાદીઓ ના બચાવ ની તમામ હકીકતો માત્ર પરિકલ્પના થી વિશેષ બીજુ કઈજ નથી અને આ હકીકતો જે પ્ર.વાદીઓ

પંદરની સદી નો ખોટો ઈતિહાસ જણાવી રહેલા છે તેના સાક્ષી હાલ મા કોઈ હયાત નહી અને જેથી ઈતિહાસની વાતો ને ખોટા બારોટના ચોપડા ના ઉતારાનો બોદો કાયદામાં પણ જે માન્ય નથી એવો ખોટો આધાર આપી પ્ર.વાદીઓએ જે સરસ બનાવટી ને પોતાની રીતે ઉપજાવી કાઢેલ હકીકતો રજુ કરેલ છે જે એક કપોળકલ્પીત વાર્તા થી વિશેષ ના હોય તે કાયદામાં માનવા પાત્ર નથી નહીતો આજે કોઈ તાજ મહેલ વિષે પણ આવા ચોપડા ના ઉતારા હાથથી લખેલા બતાવી ને પોતાના પુર્વજોનો બતાવી દાવો કરી વાર્તા બનાવી હકક દાવો કરી દે અને કાયદો અને વ્યવસ્થાનુ કાઈ જ માન રહે નહી જેથી પ્ર.વાદીઓની એ આ તમામ હકીકતો જે તેમની બનાવેલી કલ્પના ની વાર્તા હોય તેના કોઈજ નકકર કાયદા મા સ્વીકાર્ય હોય તેવા આધાર પુરાવા સદર કામે રજુ કરેલ ના હોય આવા હાથેથી લખેલા ચોપડા ના આધારે પ્ર.વાદીઓની હકીકતો ને સાચી માનવી મુર્ખમી ભરેલુ ગણાશે તેથી તેમજ આ ચોપડા મા જે ના નામ છે જેને પ્ર.વાદીઓ તેમન વડવાઓ તરીકે ઓળખાવે છે તે પ્ર.વાદીઓ નાજ પુર્વજ છે તે બાબતે કોઈ કાયદા માન્ય વંશાવલી કે પેઢીનામા કે કાયદા આધારીત પુરાવા પણ પ્ર.વાદીઓએ આ કામે રજુ કરેલા ના હોય અને આ ચોપડા લખનારને કયા કાયદાએ આવા ઈતિહાસ સાથે ચેડા કરવાની સંમતી આપેલ છે અને તે કયા કાયદા ના આધારે આવા દાખલા આપવા અધિકૃત છે તે હકીકતો સદર કામે પ્ર.વાદીઓ તરફે કયાય જણાવેલ નથી અને પ્ર.વાદીઓના જણાવ્યા મુજબ ગણોત હકક થી જો અમો સદર ગામની જમીનો ના માલીક બનેલા હતા તો તે બાબતો ગણોતધારા મુજબ નો કોઈજ પુરાવો આ કામે તેમણે તેમની હકીકતો ને અનુરૂપ રજુ કરેલો નથી અને સદર દાવાવાળી મિલ્કત વાળી જમીન પણ નવી શરતની હોય તેવો પણ કોઈ પુરવો રેકર્ડ પર નથી માત્ર કહી દેવાથી હકીકતો સાબીત થતી નથી જેથી આ કોઈ સરકારી જાહેર રેકર્ડ નથી જેને કાયદાએ માન્યતા આપેલ હોય પ્ર.વાદીઓ નો આ પોકળ બોદો બચાવ કોઈજ રીતે માનવાપાત્ર નથી તેમજ આવા ચોપડા

ના ખોટા ઉપરા રજુ કરનાર વ્યકિતને કાયદાએ કોઈ સત્તા આપેલ ના હોવા છતા તેઓ આવા ખોટા ઉપારા વાળા ચોપડા કઈ રીતે અને કયા કાયદા ને આધિન રજુ કરેલ છે? તે પણ કાયદા નો અને હકીકતનો પશ્ન છે. અને આવા ખોટા અને કપોળકલ્પીત ચોપડા ના ઉપારો કરનાર અને આપનાર અને ચોપડા રાખનાર વ્યકિત ની સદર કામે જુબાની લેવામાં આવે તો દુધ નુ દુધ અને પાણી નુ પાણી થઈ જાય અને ના.કોર્ટ મા સત્ય હકીકત બહાર આવે તેમ છે.

તેમજ હકીકત મા સદર દાવાવાળી મિલ્કત નો કાયદેસર ના માલીક તરીકે સ્થળ પરનો પ્રત્યક્ષ કબ્જોભોગવટો અમો વાદીઓ નો જ આવેલો છે અને અમો વાદીઓના સમાજ ના સારા નરસા પ્રસંગો અમોએ સદર દાવાવાળી મિલ્કત મા આવેલા અમો વાદીઓની દુકાનો તથા ઘન્ટી વગેરે બાબતેના તેના દસ્તાવેજી પુરાવા જેવા કે સદર દાવાવાળી મિલ્કત માં આવેલ અમો વાદીઓની દુકાનો તથા ઘંટી ના પુરાવા લાઈટ બીલ વેરા વિગેરે આ કામે રજુ કરેલ છે અને સદર કામે પ્ર.વાદીઓ ધ્વારા તલાટી કમ મંત્રીશ્રી સમક્ષ દાવાવાળી મિલ્કત ના કબ્જો અમો વાદીઓ પાસેથી મેળવવા માટે પ્રયત્નો કરેલા છે જેના પુરાવા જે તે વખત ની તકરાર તથા થયેલ પોલીસ સ્ટેશને આપેલ જાણવા જોગ ફરીયાદ વગેરે છે તેના દેખીતા પુરાવો છે અને સદર કામે ના.કોર્ટ ના કમીશ્નર ધ્વારા દાવાવાળી મિલ્કત નુ જે સ્થળસ્થિતી નુ પંચનામુ કરવામાં આવેલ છે તે જોતા તેમાં અમો વાદીના દાવામાં જણાવ્યા મુજબ અમારી દુકાનો તથા ઘંટી વગેરે આવેલ હોવાનો તથા તેના ઈલેકટ્રીકસીટી ના મીટર ચાલુ હોવા બાબત નો સ્પષ્ટ ઉલ્લેખ સદર પંચનામાં માં કરેલો છે જે હકીકતો અમો વાદીએ અમારી દાવાઅરજી માં પ્રથમ થીજ જણાવેલ છે અને આ પંચનામા માં જણાવ્યા મુજબ ની આ પ્રકારની કોઈ હકીકત પ્ર.વાદીઓએ તેમના જવાબ કે કાઉન્ટર કલેઈમમાં ઉલ્લેખ પણ કરેલો નથી આમ સદર પંચનામુ અમો વાદીઓના દાવાની હકીકતો ને સમર્થન કરતુ હોય હવે તેને સાબીતીની જરૂર નથી જયારે સદર કામે દાવાવાળી મિલ્કત આ

કામના પ્ર.વાદીઓ ની માલીકી ની હોવા બાબતે કે તેનો કબજો પ્ર.વાદીઓનો આવેલો હોવા બાબતે પ્ર.વાદીઓ તરફે એકપણ દસ્તાવેજી કાયદેસર નો આધાર પુરાવો રજુ થયેલો જ નથી જેથી સદર દાવાવાળી મિલ્કત અમો વાદીઓ ની કાયદેસર સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાની આવેલ હોવાનુ અને તેમાં અન્ય કોઈપણ જ્ઞાતિ કે સમાજ નો લાગભાગ હકક હિસ્સો આવેલો નહી હોવાની હકીકત સ્પષ્ટપણે ફલીત તથા સાબીત થાય છે અને જેને હવે સાબીતી ની જરૂર નથી રહેતી.

પ્રતિવાદીઓની કાઉન્ટર મનાઈ અરજી બાબતે જણાવવાનુ કે તે કોઈજ રીતે કાયદા માં ટકવા પાત્ર નથી તેમની કાઉન્ટર મનાઈ અરજી ના પેરા નં.૮ માં જણાવ્યા મુજબનો કોઈજ પ્ર.વાદીઓનો પ્રાઈમા ફેસી કેસ નથી અને બેલેંન્સ ઓફ કન્વીનીયન્સ અમો વાદીઓ ના લાભ મા છે હકીકત માં સદર દાવાવાળી મિલ્કત મા પ્ર.વાદીઓ નો કોઈ જ લાલભાગ હકક હિસ્સો આવેલો ના હોય સદર કામના પ્ર.વાદીઓ ને જો માગ્યા મુજબ નો મનાઈ આપવામાં આવે તો અમો વાદીઓને ખુબજ નુકશાન થાય તેમ છે અને આવી કાઉન્ટર મનાઈ ની આળ મા પ્ર.વાદીઓ અમો વાદીઓની મિલ્કત પડાવી લેવાના બદ ઈરાદામાં સફળ થઈ જાય અને અમારો કબ્જો છીનવી લે જેથી અમોને પારાવાર નુકશાન થાય તેમ છે જયારે આ કમના પ્ર.વાદીઓને કાઉન્ટર મનાઈ અરજી માં માગ્યા મુજબનો મનાઈ આપવામાં ના આવે તો તેમના માટે વાગ્યુ તો તીર નહી તો ટપકુ ની ઉકિત ની જેમ આ એક ખોટી ઉભી કરેલી હકીકતો હોય દાવાવાળી મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો તેમનો આવેલો ના હોય તેમને કોઈ જ નુકશાન થાય તેમ નથી જયારે અમો વાદીઓ ની આંક-૫ ની મનાઈ અરજી બાબતે અમો વાદીનો પ્રાઈમાફેસીસ કેસ છે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો વાદીઓના લાભમાં છે જો નીચે માગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો અમો વાદીઓને નાણાંથી પણ ભરપાઈ ન થાય તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે અને અમારો વર્ષો જુનો હકક માર્યો જાય તેમ

છે અને અમારે નાહકકના અન્ય લીટીગેશનો કરવા પડે અને જો માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો આ કામના પ્ર.વાદીઓનો દાવાવાળી મિલ્કતમાં કોઈ પણ જાતનો લાગભાગ,હકક,હિસ્સો ન હોય તેમને કોઈપણ જાતનુ નુકશાન થાય તેમ નથી. જેથી અમો વાદીઓની મનાઈ અરજી મંજુર કરી પ્ર.વાદીઓની કાઉન્ટર મનાઈ અરજી ના મંજુર કરવી જરૂરી છે.

આમ ઉપરોકત હકીકતો તથા રજુ દસ્તાવેજી પુરાવા તથા સી.પી.સી.ની જોગવાઈઓ તથા રેવન્યુ રેકર્ડ ની હકીકતો તથા સ્થળ પર ના પ્રત્યક્ષ કબ્જાની સ્થીતી તથા અમો વાદીઓનો રેકર્ડ પર અને સ્થળ પર ના વર્ષો ના પ્રત્યક્ષ કબ્જાના તથા માલીકીપણાના રજુ પુરાવાઓ તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઈ તથા ના.ગુજરાત હાઈકોર્ટ તથા ના.સુપ્રીમ કોર્ટ ના લેટેસ્ટ ચુકાદાઓ તથા ગાઈડ લાઈન ધ્યાને લઈ અમો વાદીની આંક.-૫ ની કામચલાઉ મનાઈ અરજી મંજુર કરીને આ કામના પ્ર.વાદીઓની કાઉન્ટર મનાઈ અરજી ખર્ચસહિત ના મંજુર કરવા અરજ કરેલ છે.

➢ પ્ર.વાદી ન. ૨ થી ૧૫નાઓ તરફથી આંક-૨૯થી લેખિત દલીલો રજુ થયેલ છે જેમા મુખ્યત્વે જણાવેલ છે કે અમો પ્ર.વાદીએ વાદીની દાવા તથા મનાઈ અરજી સાથે જવાબ રજુ કરેલ છે અને તેથી હાલની કાઉન્ટર મનાઈ અરજીમાં તે જવાબનુ પુનરાવર્તન થાય નહી તે સારૂ તે હકીકતો હાલની અરજીમાં જણાવતા ના હોય પરંતુ જવાબમાં જણાવેલી અમો પ્ર.વાદી ની તમામ સત્ય હકીકતોને પણ હાલની અરજીનો અકે ભાગ ગણી લેશોજી. વાદીઓની મનાઈ અરજીમાં જણાવ્યા પ્રમાણેનું અરજીનું કોઈ જ કારણ ઉભુ થયેલ નથી. મોજે ગામ પેટલી,તા.પેટલાદ.જી.ખેડા માં આવેલ ગામ હતુ જે સમયાંતરે તાલુકા અને જીલ્લા નુ વિભાજન થતાં સોજીત્રા તાલુકામાં ગામનો સમાવેશ થયો અને છેલ્લે મોજે ગામ પટેલી નો સમાવેશ નવનિર્મિત

વસો તાલુકામાં થતાં હાલ પેટલી ગામ વસો તાલુકા અને જીલ્લો ખેડામાં આવેલ ગામ છે. જો ગામનો ઈતિહાસ જોવામાં આવે તો પંદરમી સદીમાં આ પેટલી ગામ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ના વડોદરા સ્ટેટ નુ ગામ આવેલ છે અને સંવંત–૧૫૪૫ ની સાલમાં આ ગામની સ્થાપના ગરાસીયા રાઉલજી જોધાજીએ ગામની સ્થાપના કરેલ અને ગામ વસાવેલ હતુ અને તે સમયે ગરાસીયા રાઉલજી જોધાજીએ શ્રી મહાદેવ તલેશ્વર નું મંદીર બનાવેલ હતું અને તેની ઉગમણામાં મહેલ કે જે હાલ વાડી કે ધર્મશાળા કહેવાય છે તે બંધાવ્યા હતા ( જે હાલની તકરારી દાવાવાળી મિલ્કત આવેલી છે) અને જોધાજીએ પેટલીમાં દરબારગઢ બંધાવ્યો હતો આમ હાલના પ્ર.વાઓના વડવાઓ સંવંત–૧૫૪૫ માં આવેલા અને તેમણે ગામ વસાવેલ હતુ અને વાદીઓની દાવા અરજીમાં પણ જણાવ્યા પ્રમાણે પેટલીના સમસ્ત દરબાર (રાઉલજી.રાજ વિગેરે પેટા જ્ઞાતિઓ)આવેલાની હકીકત નો સ્વીકાર કરે છે જે હકીકતે પેટલી ગામની સ્થાપના જયારે ગરાસીયા રાઉલજી જોધાજીએ કરાવેલ છે ત્યારે આ ગામના મૂળ રહેવાસીઓ માત્ર અને માત્ર રાઉલજી–ગરાસીયા દરબાર અને પેટા જ્ઞાતિ રાઉલજી અને રાજ જ્ઞાતિના લોકો જ હતા અને તેઓ સિવાય અન્ય કોઈપણ જ્ઞાતિના લોકો રહેતા ના હતા સંવંત–૧૫૪૫ (એટલે કે આશરે પંદરમી સદી)માં ગામ વસાવેલ હતુ અને ગામ પેટલી ના હિન્દુ ગરાસીયા નો ભાગ સાડા ત્રણસો વિઘાં રહયો જોધાજીએ પેટલીમાં દરબારગઢ બંધાવ્યો મહાદેવ તલેશ્વરનું મંદીર કરાયુ મંદીર થી ઉગમણે મહેલ બંધાવ્યો. તે મુજબનો લેખ વડદરા અમારા રજવાડારાવ ગાયકવાડ ના જુના ચોપડાના આધારે વહીવંચા લખનાર બારોટનાએ અમો પ્ર.વાદીઓના વડવાઓને લખી આપેલ અને તે લેખ પ્રમાણે એ પણ લખી આપેલ છે કે જુના ચોપડાના આધારે નકલ આપી છે આ લેખ જરૂરી કામ પડવાથી આપ્યો છે તે પ્રતિજ્ઞાસર સત્ય છે અને તે લેખમાં સમયાંતરે સંવંત–૨૦૦૯ માં દરબારોના વડવા કુલાજી જીવાજીએ મહાદેવના મંદીરનો વંઢો

પડી ગયેલ દુરસ્ત કરાવેલો અને તેના રૂા.૨૧૧/- જેટલો ખરચ થયેલો અને તે વંઢાનું કામ વસોના કડીયા કાસીભાઈ રણછોડભાઈ કાછીયા પાસે કરાવેલો અને તે બાબતનો આધાર વડોદરા સ્ટેટ ના વહીવંચા લખનાર બારોટના ચોપડે નોધાયેલો છે અને તે લેખ ગાયકવાડ મહારાજના જુના ચોપડાના આધારે લખી આપેલ છે. આમ અમો પ્ર.વાદીઓ તકરારી દાવાવાળી મિલ્કત અમારા સમાજના સારા-નરસા પ્રસંગો તથા સમાજીક પ્રસંગો અને વાર તહેવારે પ્રસંગોપાત અમારા વડવાઓના સમયથી વાપર ઉપભોગ કરતા આવેલા છીએ અને હાલ પણ કરીએ છીએ. આમ જયારે પંદરમી સદીમાં ગામ હાલના પ્ર.વાદીઓના વડવાઓએ વસાવેલો ત્યારે હાલના વાદીઓ કે જેઓ પોતાને ''પાટીદાર''અને ''પટેલ'' ના નામથી ઓળખાવે છે તેઓના વડવાઓનુ અસ્તિત્વ પણ હતું નહી કે તેઓના વડવાઓએ આ ગામ વસાવેલ હોય તેમ બનેલ નથી. પરંતુ ઈતિહાસ તરફ જોવામાં આવે તો અંગ્રેજોના શાસન અગાઉ જેટલા રજવાડા ગુજરાત સ્ટેટ અને મહારાષ્ટ્ર સ્ટેટ અને સૌરાષ્ટ્ર સ્ટેટ એમ ત્રણ ભાગમાં ગુજરાત રાજય વહેચાયેલુ હતુ ત્યારે દેશી રાજવાડાઓનુ અસ્તિત્વ હતુ અને તે સમયે રજવાડાના રાજાઓ ૫૦૦ વીઘાં ૨૦૦ વીઘાં ૩૦૦ વીઘાં નો ગામગરાસ આપતા હતા અને તવા ગામોમાં દરબાર/રાજપુતો વસવાટ કરતા હતા અને તે સમયે દરબારો પોતાની જમીનોની ખેતી કરવા સારૂ જે લોકોને લાવેલા હતા તે લોકો નો એક વડો હોય અને તે વડા ને ''પટેલ'' કહેવામાં આવતા અને ગુજરાતી શબ્દ કોષ મુજબ પણ ''પટેલ'' એટલે અમુક સંઘનો,નાતનો કે ટોળાનો વડો,નાતનો મુખી કહેવાતા જે પાછળથી ''પટેલ''જ્ઞાતિ ના નામથી ઓળવાવા લાગેલા અને આમ મુળે હાલના વાદીઓના વડાવાઓ અમો પ્ર.વાદીઓના વડાવાઓની જમીનમાં ખેતીવાડી કરતા આવેલા હતા આમ સંવંત-૧૫૪૫ માં પેટલી ગામનો ગરાસ રાસીયા રાઉલજી જોધાજીને મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાહેબે આપતા અમારા વડવા ગરાસીયા રાઉલજી જોધાજી એ પેટલી ગામની સ્થાપના કરેલ

હતી.અને આમ ગરાસીયા/દરબારોની જમીનોમાં ''પટેલ''ખેતીનુ કામ કરતા હતા અને ત્યાર બાદ ગણોતધારો અમલમાં આવતા ખેડે તેની જમીન એ કાયદો અસ્તિત્વમાં આવતા પટેલો અમારા વડવાઓની ખેતીની જમીનના માલીક બનેલા અને ત્યારબાદ અમારા વડવાઓએ વાસાવેલ ગામ પેટલીમાં કાયમી સ્થાયી થયેલા હતા આમ મોજે ગામ પેટલીના મૂળ વતનીઓ અમો પ્ર.વાદીના વડાવઓજ હતા અને હાલની તકરારી દાવાવાળી મિલ્કત જેને ધર્મશાળા,વાડી કહે છે તેની સ્થાપના પણ અમો પ્ર.વાદીઓના વડવાઓએ કરેલ છે. અમો પ્ર.વાદીઓ વધુમાં જણાવીએ છીએ કે, પંચાયતી રાજની સ્થાપના અગાઉ ગામના ગામઠાંણ પત્રકો અસ્તિત્વમાં આવેલા તમામ ઘરથાળની મીલ્કતો નું વર્ણન ગામઠાંણ પત્રકે નોધવામાં આવતું હતુ અને તે મુજબ ગામઠાંણ પત્રકે વરસો વરસ મિલ્કતની આકારણી કરવામાં આવતી હતી અમો ગામના દરબારો તકારારી મિલ્કતો વાપર ઉપભોગ કરતા આવેલા હતા અને હાલ પણ કરીએ છીએ અને અમો એ કયારે પણ આ મિલ્કત બાબતે તકરારો ઉભી કરેલી નહી કે કયારેય પણ અમારે તકરારી મિલ્કત બાબતે રેકર્ડ જોવાની કે નકલો કઢાવવાની કોઈ જરૂરીયાત ઉભી થયેલી નહી પણ જયારે પટેલ જ્ઞાતિના ઈસમ સરપંચ પદે આવતાં અને આ તકરારી મિલ્કત બાબતે ખાનગી રાહે પટેલ જ્ઞાતિ/સમાજના નામ બાબતે ચર્ચાઓ થતાં જે તે સમયે ગામઠાંણ પત્રકની નકલો કઢાવતા માલુમ પડેલ કે, આ કામના વાદીઓએ તેમના સમાજના સરપંચ આવેલા તે સમયે ગામઠાંણ પત્રકે ચેડા કરેલાની હકીકતો જાણવા મળેલ અને તેથી અમારા સમાજના માણસો પણઆ બાબત ની ગંભીરતાને લઈને પટેલ જ્ઞાતિના ઈસમોને મળતા અને જણાવતા હતા કે આ મિલ્કત તમારી નથી પણ અમારા વડવાઓની છે અને તે સમયે પણ અમારા વડીલોએ તે બાબતે વડોદરા ના વહીવંચો લખનાર અમારા બારોટ પાસેથી જરૂરી નકલો માગતાં અમારા ઘ્યાને એ હીકીકત આવેલ કે આ ગામ વસાવનાર અમારા રાઉલજી જોધાજી છે અને આ તકરારી

મિલ્કત બાબતનો ઉલ્લેખ સયાજીરાવ ગાયકવાડના ચોપડે કરેલો છે આમ અમોએ જુદાજુદા સમયની ગામઠાંણ પત્રકની આકારણી નકલો કઢાવતા આ કામે રજુ કરેલ આકારણી પત્રકની નકલ જોવામાં આવે તો અનુ નં.૩૨૧ ''ધર્મશાળા ખાતે ઓરડી''તથા અનુક્રમ નં.૩૨૨ જોવામાં આવે તો ''ગામઈ ધર્મશાળા પહેલાંની'' ને બદલે ગામઠાંણ પત્રકમાં ચેડા કરી ગામઈ ધર્મશાળા ''પ''...પછી ''હ'' ને બદલે ''ટ'' નો સુધારો કરેલ છે અને ''લા''ની ઉપર અનુસ્વાર કરી સુધારો કરેલ સ્ટષ્ટપણે દેખાઈ આવે છે.આ કામે તલાટી કમ–મંત્રી શ્રી પેટલીનાએ કાઢી આપેલ અસલ પરથી તા.૩૧/૦૩/૨૦૨૨ ની આકારણીની નકલ આ કામે આંક...ના લીસ્ટથી ની... થી રજુ કરેલ ગામઠાંણ આકારણી પત્રકની નકલ જોવામાં આવે તો અનુ નં.૩૨૧ ''ધર્મશાળા ખાતે ઓરડી'' તથા અનુક્રમ નં.૩૨૨ જોવામાં આવેતો''ગામઈ ધર્મશાળા પહેલાં ની''ને બદલે ''ગામઈ ધર્મશ...પછી શબ્દો જોવામાં આવેતો ''શ''પછીનો કાનો સુધારેલ છે તથા ''ળા''ને સુધારેલ છે તથા ''પ''પછી ''હ'' ને બદલે ''ટ'' પછી ''લોની''નો સુધારો કરેલ જણાય આવે છે આમ જુદા જુદા સમયે ગામઠાંણ પત્રકો કાઢાવતાં આકારણી ની નકલો માં ''પહેલાની''ને બદલે''પટેલોની''અને ''પહેલાંની'' ચેડા કરી સુધારો કરેલ છે,આ કામે તલાટી કમ–મંત્રીશ્રી પેટલીનાએ કાઢી આપેલ સને–૧૯૫૧–૫૨ ની સાલની ગામ નમુના નં–૭ ની નકલ કાઢી આપેલ છે ને અસલ પરથી ખરી નકલ ની આકારણીની નકલ આ કામે આંક... ના લીસ્ટથી ની... થી રજુ કરેલ નકલ જોવામાં આવે તો અનુ નં.૨૭૬ ના કોલમ નં.૪ માં માલીકનુ નામ ''ધર્મશાળા''એમ લખેલ છે અને કોલમ નં.૭ માં જોવામાં આવે તો ''ધર્મશાળા'' લખેલ છે તેની આગળ કોલમ નં.૬ માં ''પટેલની''શબ્દ ઉમેરેલ/લખેલો જે પણ ગામઠાંણ પત્રકમાં ચેડા કરી સુધારો કરેલ છે આમ અમો પ્ર.વાદીએ ગ્રામ પંચાયત કચેરીએ થી કઢાવેલ ગામઠાંણ પત્રક ની નકલ જોતાં તેમાં ચેડા થયેલા હોવાથી ગ્રામ પંચાયત સરપંચ તથા તલાટી–કમ–મંત્રી

સાહેબને સમગ્ર સમાજ ધ્વારા તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ અરજી આપેલ છે અને તે બાબતે તલાટીશ્રીએ અમો પ્ર.વાદી સમાજને તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ જવાબ આપેલ કે ''સદર ધર્મશાળા પટેલોના નામે કરવા અંગેના સાધનિક કાગળો દફતર તપાસ કરતાં મળી આવેલ નથી અને આકારણી પત્રકે આ બાબતની કોઈ રીમાર્કસ નથી'' આમ એ હકીકતો જોવામાં આવે તો પણ જયારે સરકારી કર્મચારી એમ લેખીત માં જણાવતા હોય ત્યારે એ હકીકતો નિર્વિવાદ છે કે ગામઠાણના આકારણી પત્રકે ચેડાં થયેલા છે અને કાયદેસરની કોઈજ કાર્યવાહી પટેલ સમાજ ધ્વારા કરવામાં આવેલ નથી પરંતુ જે તે સમયે પેટલ જ્ઞાતિના ઈસમો સરપંચ પદે હોવાથી તેમણે તેમના સમાજના લાભ સારૂ સરકારી રેકર્ડમાં ચેડા કરેલા છે અને તે રેકર્ડમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે અલગ અલગ પેનનો ઉપયોગ કરેલો છે,અક્ષરો પણ અલગ પડે છે,આમ ખુબજ ચાલાકીપુર્વક સરકારી રેકર્ડમાં સુધારો કરવામાં આવેલો છે,જે ગેરકાયદેસર હોવાથી ફોજદારી પ્રકારનો ગુનો પણ બને છે,જો વાદીઓની માલીકીનો કે તેમના સમાજની માલીકીની આ તકરારી દાવાવાળી મિલ્કત હોય તો તેમણે તે બાબતનો કોઈ વેચાણ દસ્તાવેજ કે અન્ય એવા ઠોસ આધાર પુરાવાઓ રજુ કરવા જોઈએ કે જેને આધારે તેમની માલીકી પુરવાર થઈ શકે પણ આ કામે એવો કોઈ ઠોસ આધાર પુરાવો આ કામે વાદીઓ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી કે જે તેમની માલીકી પુરવાર કરી શકે,આમ અમો પ્ર.વાદીઓ એ આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાવઓ જોતાં પણ ધર્મશાળા પટેલોની કે પટેલ સમાજની કે પાટીદાર સમાજની આવેલ નથી કે તેઓ તેના સંયુકત રીતે માલીક નથી પરંતુ ધર્મશાળા અમારા વડવાઓએ  બંધાવેલ છે અને અમારા વડવાઓના ગુજરી જવાથી હાલ સદર તકરારી મિલ્કત અમારા દરબાર/રાજપુત અને રાઉલજી અને રાજ જ્ઞાતિન લોકોની સંયુકત આવેલી છે તે તકરારી દાવાવાળી મિલ્કત અમો સમાજના લોકો વાર તહેવાર અને પ્રસંગોપાત વાપર ઉપભોગ

કરીએ છીએ અને કરતા આવેલા છીએ, તેમાં અમારા સમાજ સિવાય અન્ય કોઈ પણ વ્યકિત કે સમાજ કે જ્ઞાતિના લોકોનો કોઈ હકક,હીસ્સો કે હીત આવેલ નથી. આમ સદર કામના વાદીઓની દાનત અને ઈરાદો નેક ન હોય અને સદર તકરારી દાવાવાળી મિલ્કત અમારા ગુજરનાર વડવાઓ ૧૫ મી સદીથી માલીકીની આવેલ હોવા છતાં પણ વાદીઓએ ખોટા કારણો બતાવી દાવો તથા જાથુનો કાયમી મનાઈ હુકમની માગણી કરેલ છે. ઉપરોકત તમામ હકીકતો જોતા અમો પ્ર.વાદીઓનો પ્રાઈમાફેસીસ કેસ છે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો પ્ર.વાદીના લાભમાં છે જો અમો પ્ર.વાદીઓને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો આ કામના વાદી ચેનકેન પ્રકારે અમો પ્ર.વાદીની માલીકી ના અને સમાજની માલીકીની તકરારી દાવાવાળી મિલ્કતમાં અમો તથા અમારા સમાજના લોકોના વાર–તહેવાર તથા લગ્ન પ્રસંગોએ પ્રવેશ કરવા ના દે અને અમારા સમાજને રોકે રોકાવે તેમ છે,અને જો તેમ થાય તો અમો પ્ર.વાદીના કાઉન્ટર દાવાનો હેતુ માર્યો જાય તેમ છે,અને અમો પ્ર.વાદીઓને બીજા મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીંડીગ કરવા પડે તેમ છે જો અમો પ્રા.વાદીને કાઉન્ટર મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી પણ ભરપાઈ ન થાય તેવુ ઈરરીપેરેબલ નુકશાન પહોચાડે તેમ છે.

**(૫)**આગળની ચર્ચા કરતા પહેલા આ કામે વાદી તરફથી પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** |
|---|---|
| (૧) | દાવાવાળી મિલ્કત ધર્મશાળાના ફોટોગ્રાફસ નંગ–૫ |
| (૨) | દાવાવાળી મિલ્કતનુ પેટલીગામના દફતરે નોંધાયેલ મિલ્કત ન. ૪૩૯નુ અકારણી પત્રક |
| (૩) | દાવાવાળી મિલ્કતનુ પેટલીગામના દફતરે નોંધાયેલ મિલ્કત ન. ૪૩૭નુ અકારણી પત્રક |

| | |
|---|---|
| (૪) | દાવાવાળી મિલ્કતુ વેરાપાવતી |
| (૫) | દાવાવાળી મિલ્કત બાબતે ગાયકવાડ સરકારના હુકમની નકલ |
| (૬) | ગાયકવાડ સરકારના રેકર્ડની નકલ |
| (૭) | દાવાવાળી મિલ્કતમા પટેલ સમાજના પ્રસંગો ગયેલ તેના ફોટોગ્રાફ્સ |
| (૮) | દાવાવાળી મિલ્કતના ગાયકવાડ સરકારના સમયના મિલ્કતના રેકર્ડની નકલ |
| (૯) | દાવાવાળી મિલ્કતમા દુકાનના વીજબીલની ઝેરોક્ષ નકલ |
| (૧૦) | દાવાવાળી મિલ્કતમા દુકાનના વીજબીલની ઝેરોક્ષ નકલ |
| (૧૧) | દાવાવાળી મિલ્કતમા દુકાનના વીજબીલની ઝેરોક્ષ નકલ |
| (૧૨) | પોસ્ટ ઓફિસના બચતખાતની ઝેરોક્ષ નકલ |
| (૧૩) | પટેલ જીતેન્દ્રકુમાર વિનુભાઈના આધકારકાર્ડની નકલ |
| (૧૪) | પેટલી પટેલ સમાજે કરેલ સતા બાબતનો ઠરાવ |

**(૬)** પ્ર.વાદીઓ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા

| | |
|---|---|
| (૧) | વડોદરાના દરબાર સમાજના બારોટશ્રીના ચોપડાના આધારે લખેલ લેખની ઝેરોક્ષની નકલ |
| (૨) | વડોદરા દરબાર સમાજના બારોટશ્રીના ચોપડના આધારે લખેલ લેખની ઝેરોક્ષ નકલ |
| (૩) | ગામઠાણ પત્રકના આધારે અકારણીની ઝેરોક્ષ નકલ |
| (૪) | ગામઠાણ પત્રક અધારીત અકારણીની અસલ પરથી ખરી નકલની પ્રમાણિત નકલ |
| (૫) | ગામઠાણ પત્રક આધારીત અકારણીની અસલ પરથી ખરી નકલની પ્રમાણિત નકલ |
| (૬) | સન ૧૯૫૧ થી ૧૯૫૨ની સાલના ગામનમુના ન. ૭ની નકલ |
| (૭) | ગ્રામ પંચાયત પેટલીના સરપંચ/તલાટી-કમ-મંત્રી સાહેદને આપેલ અરજીની ઝેરોક્ષ નકલ |
| (૮) | ગ્રામ પંચાયત પેટલીના તલાટી કમ મંત્રી સાહેબે આપેલ જવાબની ઝેરોક્ષ નકલ |

**(૭)** આ કામના વાદીના વિ.વકીલશ્રીની દલીલ મુજબ આ કામના વાદી એટલેકે પટેલ સમાજ વર્ષોથી દાવાવાળી જગ્યાનો તેઓના સમાજના પ્રસંગ માટે ઉપયોગ કરી રહયા છે. પ્ર.વાદી તરફથી મુખ્ય દલીલ એ છે કે આ કામના પ્ર.વાદી દરબાર સમાજની આ વાડી છે. આ કામે પ્ર.વાદી તરફથી માર્ક–૧૪/૧ તથા માર્ક–૧૪/૨થી બારોટના ચોપડાઓનો લેખ રજુ રાખેલ છે પરંતુ હાલ આ તબ્બકે આ બારોટના ચોપડાનો ઉતારો ઘ્યાને લઈ શકાય નહી આ અંગેનો વિસ્તૃત પુરાવો લીધા બાદ બારોટના ચોપડામા હાલના દાવાવાળી મિલ્કત કઈ રીતે આવેલ અને કઈ રીતે આ ચોપડામા નોંધ થયેલ તે ઘ્યાને લઈ શકાય.આ કામે વાદી તરફથી માર્ક–૩/૧ દાવાવાળી જગ્યાના ફોટોગ્રાફ્સ રજુ રાખેલ છે તે ઘ્યાને લેતા આ દાવાવાળી જગ્યા ઉપર પાટીદાર વાડી પેટલી લખેલાનુ દેખાઈ રહેલ છે.પ્ર.વાદી તરફથી દલીલ કરવામા આવેલ છે વર્ષોથી દાવાવાળી મિલ્કત આ કામના પ્ર.વાદીઓની છે પરંતુ દાવાવાળી જગ્યાના ફોટોગ્રાફ્સ ઘ્યાને લેતા '' **પાટીદાર વાડી પેટલી**'' સ્પષ્ટ લખેલ હોવાનુ જણાઈ આવે છે.

(૮) આ કામે વાદી તરફથી માર્ક–૩/૨થી પેટલી ગ્રામ પંચાયતના આકારણી પત્રક વર્ષ સન–૨૦૨૧–૨૦૨૨ના આકારણી વર્ષના ઉતારાની નકલ રજુ રાખેલ છે અને આ આકારણી પત્રક કોમ્પયુટરાઈઝ છે તેમા મિલ્કત ન. ૫૨૮ છે અને મકાનનો નંબર ૪૩૯ છે અને માલિક તથા ભોગવટો કરનારનુ નામ પટેલની ધર્મશાળા નામ જણાઈ આવે છે.તેમજ માર્ક–૩/૪થી પંચાયત વેરાની પહોચ પણ રજુ રાખેલ છે. આ કામે પ્ર.વાદી તરફથી દલીલ કરવામા આવેલ છે કે માર્ક–૩/૬થી રજુ થયેલ પંચાયત આકારણી રજીસ્ટરમા નામમા ચેડા કરવામા આવેલ છે સાથો–સાથ માર્ક–૧૪/૩ થી માર્ક–૧૪/૫વાળા દસ્તાવેજોમા ''પહેલાની'' ધર્મશાળા લખેલી છે અને આ રેકર્ડમા ચેડા કરી ''પેટેલો''ની ધર્મશાળા કરવામા આવેલ છે. પરંતુ આ ચેડા કોણે કરેલ કયારે કરેલ તેનો વિસ્તૃત પુરાવો લીધા બાદજ આ હકીકત નકકી થઈ શકે તેમ છે.

(૯) પ્ર.વાદી તરફથી માર્ક–૧૪/૫ થી સન–૧૯૫૧નુ આકારણી પત્રક રજુ કરેલ છે જેમા ધર્મશાળા શબ્દ લખેલ છે પરંતુ વાદી તરફથી સન–૨૦૨૧–૨૨નુ આકારણી પત્રક રજુ રાખેલ છે.તેમજ પ્ર.વાદીઓ તરફથી દલીલ કરવામા આવેલ છે કે પેટલી ગ્રામ પંચાયત પાસે ધર્મશાળા બાબતને માહિતી માંગતા તેના જવાબમા માક–૧૪/૮થી રજુ થયેલ જેમા ધર્મશાળા બાબતે કોઈ ઠરાવ થયેલ ન હોવાનુ જણાવેલ છે. આ તબ્બકે વાદી તરફથી માર્ક–૩/૧થી તેમજ માર્ક–૩/૭થી રજુ થયેલ ફોટોગ્રાફ્સ રજુ થયેલ છે. માર્ક–૩/૧થી રજુ ફોટોગ્રાફ્સ ધ્યાને લેતા પાટીદાર વાડી પેટલી લેખલાનુ જણાઈ આવે છે તેમજ કોર્ટ કમીશ્નરશ્રી દ્રાર કરવામા આવેલ પંચનામામા તકરારી જમીનમા જુના દરવાજા વાળુ એક પટેલ વાડી લખેલ મકાન હોવાનુ જણાવેલ છે. માર્ક–૩/૭થી પટેલ સમાજના સંયુકત ભોજન અંગેનો ફોટોગ્રાફ્સ પણ રજુ થયેલ છે. આમ, માર્ક–૩/૧ તથા કોર્ટકમીશ્નર દ્રારા કરવામા આવેલ પંચનામામા દર્શાવેલ વર્ણનને મળતુ આવેલ છે. પ્ર.વાદી દ્રારા પાટીદાર વાડી–પેટલી લખેલ ત્યારે વાંધો તકરાર રજુ રાખેલ નથી તેમજ આ લખાણ કઈ રીતે આવેલ તે અંગેની પણ હકીકત જણાવેલ નથી. તેમજ આ કામે વાદી દ્રારા તેમના ભાડુઆતનો લાઈટ બીલ પણ રજુ રાખેલ છે.આ કામે પ્ર.વાદી તરફથી દાવાવાળી મિલકતનો ઉપયોગ કરતા હોય તેવો એક પણ દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી. આમ, વાદી તરફથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવેલ છે. પ્ર.વાદી તરફથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પુરાવા વખતે ધ્યાને લઈ શકાય તેમ છે હાલના અરજી નકકી કરતી વખતે તેનુ મુલ્યાકંન થઈ શકે નહી. વિશેષમા વાદી તરફથી પંચાયતના વેરાની આકારણીનુ અધતન કોમ્પયુટરાઈઝ પત્રક રજુ રાખેલ છે જે ધ્યાને લેવુ આવશ્યક છે. આમ, વાદીઓના સમાજના કબજા ભોટવટાનુ રક્ષણ કરવુ આવશ્યક જણાઈ આવે છે.જો વાદીઓના દાવો ચાલતા સુધી રક્ષણ કરવામા નહી આવેતો અનેક દાવાદુવી થવાની શકયતા છે અને વાદી સમાજના કબજા ભોગવટાને દાવા અરજીના નિકાલ સુધી રક્ષણ નહી આપવામા આવેતો વાદીને નાણામા નહી ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જવાની શકયતા રહેલી છે. જેથી વાદીની અરજી મંજુર તથા પ્ર.વાદીની

કાઉન્ટર મનાઈ અરજી નામંજુર કરી ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના વાદીની આંક–પની મનાઈઅરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્ર.વાદીની આંક–૧પની કાઉન્ટર મનાઈઅરજી ના–મંજુર કરવામાં આવે છે.

(૩) આ કામે હાલના દાવાના આખરી નિકાલ સુધી પ્ર.વાદીઓએ વાદીઓના કબજા ભોગવટામાં દખલ અંતરાય કરવો કે કરાવો નહી તેવો હુકમ કરવામા આવે છે.

(૪) અરજીનુ ખર્ચ દાવાના ખર્ચને અનુસરશે.

(૫) આ હુકમની નકલ આંક–૧પ હેઠળ રાખવી.

હુકમ આજ રોજ તા.૨૩મી, માહે– જાન્યુઆરી સન–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમા વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૧/૨૦૨૪ (જીજ્ઞેશ હરીશભાઈ ભટ્ટ)
સ્થળ:વસો મુખ્ય સિવીલ જજ
વસો
**<u>કોડ ન. જીજે–૦૧૫૬૮</u>**